**DATE: 24/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## દુ.વાઘપુરા ગામે પોલીસે દરોડો પાડ્યો

# જાહેરમાં જુગાર રમતાં 3 ઝડપાયાં, પાંચ ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકાના દુ.વાઘપુરા ગામે જાહેરમાં જામેલ જુગારની મહેફિલ પર ઉમલ્લા પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે સ્થળ પરથી 3 જુગારિયાઓને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂપિયા તેમજ 2 મોબાઈલ મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઉમલ્લા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, દુ.વાઘપુરા ગામે નિચલા ફળિયામાં કેટલાંક શખ્સોએ જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે તે પૈકીના કિરીટ અવલસિંગ વસાવા, વિપુલ ઉર્ફે ઘનશ્યામ જયંતી તડવી તેમજ મણીલાલ મનસુખ વસાવાને ઝડપી પાડ્યો હતો. ટીમે તેમની પાસેથી રોકડાં રૂપિયા તેમજ 2 મોબાઈલ મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે વિજય મણીલાલ વસાવા, મયુદ્દીન ઈસ્માઈલ મલેક, નિલેશ સોમા વસાવા, કિશન વસાવા તેમજ બોડો નામનો જુગારિયાઓ નાસી છુટ્યાં હતાં. ટીમે તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વર સુરતી ભાગોળમાંથી બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે, સુરતી ભાગોળ સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડ માં મકાન નંબર 107 માં દારૂ નું વેચાણ થઈ રહ્યું છે જે આધારે પોલીસે દરોડા પાડતા પોલીસે ઘર માં સર્ચ કરતા વિવિધ બ્રાન્ડ ની નાની-મોટી બોટલ મળી કુલ 17 બોટલ દારૂની ઝડપી પાડી હતી પોલીસે 3400 રૂપિયા નો જથ્થો જપ્ત ક્યો હતો અને બુટલેગર અનિલ ઉર્ફે લંગડા ની ધરપકડ કરી હતી અને બનાવ અંગે પૂછપરછ આરંભી હતી.

**DATE: 24/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મોબાઇલ પર આંકડા લખાવનારાઓ ફરતે પણ ગાળિયો કસાયો

# અંકલેશ્વરમાં ઓનલાઈન જુગાર રમાડતો જુગારી પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના અંદાડા ગામ ખાતે ઓનલાઈન મોબાઈલ પર વર્લી મટકા નો આંકડો રમાડતા હાઈટિક જુગારી ઝડપાય જવા પામ્યો હતો. પોલીસે રોકડ રકમ 10 હજાર રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે ઓનલાઈન આંક ફરક નો જુગાર રમતા ઈસમો સામે પણ ગુનો નોંધ્યો હતો.

ભરૂચ એલસીબી પોલીસ ની ટીમ અંકલેશ્વર ના અંદાડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે અંદાડા ખ્રિસ્તી ફળિયામાં રહેતા શૈલેષ વસાવા મોબાઈલ માધ્યમથી આંકડા ઘર ની બહાર જ લખાવી રહ્યો છે જે માહિતી આધારે દરોડા પડ્યા હતા. જ્યાં તેની મોબાઈલ માધ્યમથી લોકો પાસે ઓનલાઈન આંક ફરક ના જુગાર ના આંકડા મેળવી વર્લી મટકો રમાડી રહ્યો હતો. પોલીસે તેની પાસે થી રોકડ રૂપિયા અને મોબાઈલ મળી 10.450 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ તેની ધરપકડ કરી હતી. આ ઉપરાંત પોલીસે મોબાઈલ નંબર માં આંકડો રમનાર મોબાઈલ નંબર ધારક, મુકુંદ બીડી, ચિરાગ રાધે એન.જી.આર. હરેશ, દિલીપ, કૌશિક ટોપી, તેમજ અન્ય બે મોબાઈલ નંબર ધારક વિરુદ્ધ પણ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચ શહેર તથા જિલ્લામાં જુગારીયાઓ પણ હવે હાઈટિક બની રહયાં છે. આંકડાનો જુગાર હવે મોબાઈલથી રમાડવામાં આવી રહયો છે ત્યારે પોલીસ પણ વિવિધ ટેકનીકોથી તેમને ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી હોવાથી ફફડાટ ફેલાયો છે.

**DATE: 25/01/2023 CATEGORY: GREEN**

**E-PAPER GUJARATMITRA PAGE–07**

# આછોદમાં પ્લાસ્ટિક દાણાના સોદા માટે બોલાવી નડિયાદના વેપારીને નકલી પોલીસે લૂંટી લીધો

## **8 શખ્સે** પોલીસની રેડનું નાટક કરી રોકડા 15 લાખ ખંખેરી લીધા, 5 ભેજાબાજની ધરપકડ



ભરૂચ: આમોદના આછોદ ગામે નડિયાદના વેપારીને પ્લાસ્ટિકના દાણાના સોદા માટે બોલાવી 8 શખ્સે પોલીસની રેડનો સ્વાંગ રચી રોકડા 15 લાખ ખંખેરી લેતાં ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે 5 ભેજાબાજની ધરપકડ કરી છે. ટોળકી સસ્તી કિંમતમાં સોદાના નામે લોકોને મીટિંગ માટે બોલાવી પોલીસ કે અન્ય સરકારી એજન્સીઓનો સ્વાંગ રચી દરોડાનો હાઉ ઊભો કરી ભોગ બનનારને ભગાડી મૂકે છે. આ લોકો ડીલના નામે કોરા ચેક લઈ બાદમાં તેને બાઉન્સ કરી કેસો કરવાની ધમકીઓ આપી પૈસા પડાવતા હતા.

નડિયાદના પીપલગ ગામે રહેતા મૂળ રાજસ્થાની પ્રેમસિંગ રાજપુરોહિત બારદાનનો વ્યવસાય કરે છે. પ્રેમસિંગે આણંદના સુણાવ મોટી ભાગોળના પરિચીત મિત્ર પ્રકાશચંદ્ર પ્રજાપતિ સાથે રહી આમોદના આછોદ ગામે પ્લાસ્ટિકના દાણાનો સોદો કર્યો હતો. વેપારીને તેઓના મિત્રની ભરૂચના આમોદ તાલુકામાં આછોદમાં પ્લાસ્ટિકના દાણાની ફેક્ટરી હોવાનું કહ્યું હતું. લોકો સસ્તા ભાવે માલ અપાવવા માટે બાઇક ઉપર આછોદ આવ્યા હતા. આછોદના અન્ય ત્રણ ઠગો ખાલિદ, ઈમ્તિયાઝ અને હનીફ સાથે મુલાકાત કરાવી દાણાનાં સેમ્પલ બતાવ્યાં હતાં.

એક કિલોના 70 રૂપિયા ભાવ નક્કી કરી વેપારીએ 45 ટન ખરીદવાની તૈયારી બતાવી હતી. કુલ 30 લાખ ઉપરાંતની કિંમત સામે 20 લાખ રોકડા અને બાકી 10 લાખ પેટે બે ચેક આપવાની ડીલ નક્કી કરાઈ હતી. પ્લાસ્ટિકના દાણાની ડીલની નાણાકીય લેતીદેતી ચાલતી હતી ત્યાં જ પોલીસ આવી હોવાનું કહી સપ્લાયર નાસી ગયા હતા. વેપારી પાસે આવી કહેવાતાં પોલીસે ઘરમાં આવી તમે અહીં બેનંબરીના ધંધા કરો છો તેમ કહી પ્રેમસિંગને છરો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. વેપારીના હાથમાં થેલીમાં રહેલા રોકડા 15 લાખ, બે કોરા ચેક અને આધાર કાર્ડની નકલ લઈ તેને ભગાડી મૂક્યો હતો. આઠેય લોકોએ તેની સાથે પૂર્વ યોજિત ષડયંત્ર રચી રૂપિયા પડાવી લીધા હોવાની ફરિયાદ આમોદ પોલીસમથકે નોંધાવાઈ હતી.

લોકલ ક્રાઈમ બ્રાંચ ભરૂચ તથા આમોદ પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. અને આછોદથી પાંચ ઝડપાયા હતા.

### આરોપીઓનાં નામ

- -ખાલીદ જાનુ યાકુબ શીરૂ (રહે., શીવાંઢ, તા.નલિયા, જિ.કચ્છ)
- -ઇમ્તીયાઝ ઉર્ફે દેડકો અહેમદ પટેલ (રહે., આછોદ, ભીલવાડા ફળિયું, તા.આમોદ, જિ.ભરૂચ)
- -હનીફ નીઝામ પઠાણ (રહે., આછોદ, મોટા પાદર, તા.આમોદ)
- -નાજીમ મહેબુબ હસન મલેક (રહે.,આમોદ પુરસા મસ્જિદની સામે, તા.આમોદ)
- -સાજીદ સંકીત અહેમદ ઇદ્રીશી (હાલ રહે., આછોદ, તા.આમોદ, જિ.ભરૂચ, મૂળ રહે., ઉત્તરપ્રદેશ)

**DATE: 25/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### જુગારિયાઓ સામે પોલીસની લાલ આંખ

# ભરૂચમાં જુગાર રમતા સાત જુગારિયાઓને ઝડપી પાડયા



| ભરૂચ |

ભરૂચ પોલીસ તંત્ર દ્વારા જુગારીયાઓ સામે લાલ આંખ કરતા જુગારીયાઓની દુનિયામાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ભરૂચ એલસીબીએ લક્ષ્મીનગર વિસ્તારના એક રહેણાંક મકાનમાંથી ૫૩ હજારથી વધુના મુદ્દામાલ સાથે ૭ જુગારીયાઓને જુગાર રમતા અંગે હાથ ઝડપી પાડયા હતા.

એલસીબી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે, લક્ષ્મીનગરમાં આવેલ રહેણાંક મકાનમાં કેટલાક ઈસમો હારજીતનો જુગાર રમી રહ્યા છે જેવી બાતમીના આધારે પોલીસ સ્થળ પર પહોંચી રેડ કરતા જુગાર રમતા સાત ઈસમો ઝડપાયા હતા. જેમાં ઈસ્માઈલ ઉર્ફે રાજુ બાબુશા દિવાન રહે.લક્ષ્મીનગર, રહીમ નુરમહંમદ શેખ, રહે. ત્રણ કુવા, નુરમહંમદ મલેક રહે. ન્યુકસક, ઉમરૂદીન શેખ, રહે. પગુથણ, રહેમતુલ્લા શેખ, રહે. એહમદનગર, નજીર પટેલ, રહે. લક્ષ્મીનગર, રાશીદખાન પઠાણ, રહે. પાલેજને ઝડપી પાડયા હતા. પોલીસે જુગારીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જુગારીયાઓ પાસેથી અંગઝડતીના તેમજ દાવપરના રોકડા રૂા.૪૩૯૪૦, મોબાઈલ ફોન નંગ ૬ કિંમત રૂા.૧૦ હજાર અને જુગાર રમવાના સાધનો મળી કુલ ૫૩૯૪૦ નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.

## રૂા.૫૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

### કલેક્ટરના હસ્તે ગુડ સમરીટન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા

# અકસ્માતમાં લોકોના જીવ બચાવનાર પોલીસ કર્મીઓને પ્રશસ્તિપત્રો અપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રોડ અકસ્માતમાં લોકોના જીવ બચાવનાર પોલીસ કર્મીઓનું જિલ્લા કલેક્ટર તુષાર સૂમેરાએ સન્માન કર્યુ હતું.

રોડ અકસ્માતમાં મૃત્યુનું પ્રમાણ અટકાવી શકાય અને ઈજાગ્રસ્તને ઝડપી સારવાર મળી શકે તે માટે મદદરૂપ થનાર પોલીસ ખાતાના કર્મચારીઓને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર તુષાર સૂમેરાના અધ્યક્ષસ્થાને મળેલી માર્ગ સલામતી સમિતિની બેઠકમાં ગુડ સમરીટન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્તો માટે સૌથી પહેલાનો 1 કલાકનો સમય ગોલ્ડન અવર તરીકે ખૂબ જ અગત્યનો હોઈ છે. આ સમયે લોહી વધુ વહી જવાના કારણે અથવા તો ગંભીર ઈજાને કારણે જીવન અને મૃત્યુની વચ્ચે કટોકટીભરી સ્થિતિમાં વ્યક્તિ મુકાય જાય છે. છેલ્લા 1 મહિનામાં રોડ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મદદરૂપ થનાર ગજેન્દ્રસિંહ જેણસિંહ, દેવકરણભાઈ વિભાભાઈ, કર્મદિપસિંહ જાડેજા , વિપુલ મનુભાઈ, મહેશ ઠાકરશીભાઈ, એલ. એ. પરમારને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં તેમણે કરેલી ઉમદા સેવાકીય પ્રવૃત્તિ બદલ અભિનંદન અને ધન્યવાદ પણ પાઠવ્યા હતા.રાજ્યભરમાં અકસ્માત સમયે ઝડપથી મદદ કરનારાઓ માટે એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. પોલીસની માથાકૂટથી બચવા માટે લોકો અકસ્માતના સમયે ઘાયલોને મદદ કરવામાં ખચકાટ અનુભવી રહયાં હતાં પણ સરકારે તેમને ચિંતામુકત કર્યા છે.

**DATE: 25/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઉમરપાડાના કાલીજામણ ગામે પોલીસનો છાપો

# નેત્રંગ પોલીસના 3 ગુનાઓમાં વોન્ટેડ આરોપી ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસ મથકનો સ્ટાફ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે, નેત્રંગ પોલીસ સ્ટેશનનાં ત્રણ પ્રોહીબીશનનાં અલગ-અલગ ગુનામાં નાસતા ફરતો આરોપી પોલીસના હાથે ઝડપાયો છે. ઉમરપાડા તાલુકાના કાલીજામણ ગામે રહેતો બલવીર વસાવા પોતાના ઘરે હાજર છે. તે મુજબની બાતમી પોલીસને મળી હતી.નેત્રંગ પોલીસે ઉમરપાડા પોલીસનો સંપર્ક કરીને તેમની મદદ મેળવીને આરોપીનાં ઘરે તપાસ કરતા ઘરમાં એક ઈસમ સ્વેટર પહેરીને બેઠો હતો તેની પુછપરછ કરતા પોતે બલવીર ઉર્ફે બળદેવ વસાવા નાઓ હોવાનું જણાવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીને તેના ઘરેથી નેત્રંગ ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આરોપી અત્યાર સુધી ક્યાં છુપાયો હતો અને કોને આશરો આપ્યો હતો તેની તપાસ ચાલુ છે.

### બી ડિવિઝનમાં 2022માં ગુનો નોંધાયો હતો

# અંકલેશ્વરમાંથી બાઇકની ચોરી કરનાર પરપ્રાંતિય ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકે 2022 માં થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો હતો. અગાઉ ઝડપાયેલા બાઈક ચોરની પૂછપરછમાં આરોપીનું નામ ખુલ્યું હતું.

અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસ મથકમાં 2022 માં થયેલ બાઈક ચોરી માં અગાવ એલસીબી પોલીસે એક રીઢા બાઈક ચોર ને ઝડપી પાડ્યો હતો તેની પૂછપરછ માં પીરામણ ગામ ના શ્યામ નગર ખાતે રહેતા મૂળ ઉત્તર પ્રદેશના મહંમદ મુખ્તાર શેખ નું નામ પણ ખૂલ્યું હતું. ગત રોજ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાંથી આરોપીને હ્યુમન ઈન્ટેલિજન્સ ની માહિતી આધારે જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. સી.આર.પી.સી. 102 મુજબ અટક કરી આ અંગે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકે જાણ કરતા બી ડિવિઝન પોલીસ ટ્રાન્સફર વોરંટ મેળવી તેની ધરપકડ કરી હતી. આરોપીઓએ અત્યાર સુધીમાં કેટલી બાઈકોની ચોરી કરી છે અને ચોરેલી બાઈકનો ક્યાં હેતુથી બાઈકોની ચોરી કરતાં હતાં તેની વિગતો પોલીસ મેળવી રહી છે.

**DATE: 25/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સેંગપુર દારૂ કેસમાં ફરાર આરોપીઓ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસ એ ગત18 મી ડિસેમ્બર ના રોજ સેંગ પુરગામ ખાતે શેરડી ના ખેતર માં સંતાડેલો ઈંગ્લીશ દારૂ નોવિપુલ જથ્થો ઝડપી પાડ્યો હતો પોલીસે જે તે વખતે સેંગપુરની નવીનગરી ખાતે રહેતા વિષ્ણુ વસાવાને ઝડપી પાડ્યો હતો જ્યારેસ્થળ પર થી રાજેશ વસાવા ફરાર થઈ ગયો હતો. પોલીસે એક મોબાઈલ અને દારૂ ની 1336 બોટલ મળી કુલ 2.57. લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસે ગત રોજ આ ગુનામાં વોન્ટેડ સેંગપૂરના રાજેશ અર્જુન વસાવા અને ચોર આમલાના રાજેશ વસાવાને ઝડપી પાડ્યા હતાં.

**DATE: 26/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–05**

# અંક્લેશ્વરમાં વર્લી મટકાના બે અડ્ડા પર દરોડાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે જિન ફળીયા અને એલ સી બી એ સુરતી ભાગોળ ખાતે ધમધમતા વર્લી મટકા ના અડ્ડા પર દરોડા પાડ્યા હતા. સુરતી ભાગોળ માં સટ્ટાબેટિંગ ના અડ્ડા પર થી એલસીબી પોલીસે બે ઝડપાયા મુખ્ય સૂત્રધાર મહિલા ફરાર થઇ ગઈ હતી. જિન ફળીયા માંથી બે ને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને સ્થળેથી 7 હજાર ઉપરાંત ની રોકડ જપ્ત કરી હતી. જ્યારે અડ્ડા સંચાલક મહિલા ફરાર થઇ જતા વોન્ટેડ જાહેર કરી હતી.

ભરૂચ LCB પોલીસ એ અંકલેશ્વર શહેરના સુરતી ભાગોળ વિસ્તારમાં જ્યોતિ રમેશ વસાવા નામની મહિલા સટ્ટાબેટિંગ પર દરોડા પડ્યા હતા. સુરતી ભાગોળ વિસ્તારમાં વાવ પાસે સટ્ટાબેટિંગ જુગાર રમતા ગણેશ ભોલુ વસાવા, રમેશ સોમા સોદાગર ને રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે ઘટના સ્થળેથી રૂપિયા 2950 નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–05**

### મહિલા સહિત 2 ઈસમોની ધરપકડ જયારે 3 ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા

# અંકલેશ્વરમાં 3 સ્થળેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે 3 સ્થળે થી 65 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. મહિલા સહીત 2 ઈસમો ની અટકાયત જ્યારે 3 ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા.ત્રણ દરોડામાં 65 હજારનો દારૂ અને કાર મળી 3.65 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ત્રણ રસ્તા સર્કલ પાસે ફિલ્મી ઢબે કારનો પીછો કરી સ્વીફ્ટ ડિઝાયર કાર માંથી 39000 દારૂ ઝડપી પડ્યો જ્યારે 3 ઈસમો ફરાર થઇ ગયા હતા. કરોડિયા વાડ માં નામચીન બુટલેગર ને ત્યાંથી 4400 નો દારૂ જ્યારે શિવ દર્શન એપાર્ટમેન્ટ માંથી મહિલા બુટલેગરને 21 હજાર ઉપરાંત ના દારૂ ના જથ્થા સાથે ઝડપી પાડી હતી.

પ્રથમ માં અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ને હ્યુમન ઈન્ટેલિજન્સ ની માહિતી આધારે અંકલેશ્વર ત્રણ રસ્તા સર્કલ પાસે વોચ ગોઠવી હતી જ્યાં માહિતી આધારે ની સ્વીફ્ટ ડિઝાયર કાર આવતા પોલીસે ટીમે રોકવાની કોશિષ કરતા બુટલેગરો કાર ભગાડી મૂકી હતી અને અનાસ મોટર્સ પાછળ એસ.વી.એમ. સ્કૂલ તરફ ભગાડી મૂકી હતી. જ્યાં પોલીસ ને પાછળ આવતી જોતા એસ.વી.એમ રોડ પર પંજાબ નેશનલ બેંક નજીક કાર મૂકી અંદર થી 3 ઈસમો ભાગી ગયા હતા. પોલીસે કામ માં સર્ચ કરતા અંદર થી ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ 242 મળી આવી હતી પોલીસે કુલ 39000 રૂપિયા નો દારૂ તેમજ કાર મળી 3.39 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે કાર મૂકી ભાગેલા 3 ઈસમો ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### તાડ ફળિયામાં બાથરૂમમાં દારૂનો જથ્થો સંતાડયો

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંકલેશ્વર તાડ ફળિયામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતાં. જ્યારે બે ઈસમને વોન્ટેડ જાહેર કર્યા છે.

ભરૂચ એલ.સી.બી.ની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન હ્યુમન ઈન્ટેલીજન્સ થી બાતમી હકીકત મળેલ કે અંકલેશ્વર શહેર તાડ ફળીયામાં રહેતા જુનેદ કુરેશીએ તેના મકાનમાં દારૂનો મોટો જથ્થો સંતાડી રાખ્યો છે.માહિતીના આધારે એલસીબીની ટીમ મળેલ બાતમી હકીકત આધારે તાત્કાલિક રેઈડ કરી મકાનમાં બાથરૂમમાં સંતાડી રાખેલા ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયર ટીન નંગ -228 કિ રૂ 42,000 નો મુદ્દામાલ સાથે નરેશ રમણભાઈ વસાવા રહે, બોરભાઠા રોડ પુનીતનગર મીરા ગેરેજ સામે અંકલેશ્વર અને જુનેદ સરવર કુરેશી રહે,તાડ ફળીયા અંકલેશ્વરને ઝડપી પાડ્યા હતાં. જ્યારે વિજય દલપતભાઈ વસાવા રહે, તાડ ફળીયા અંકલેશ્વર અને હનીફ બાબુ જમાદાર રહે દાદરી કોસંબા જી. સુરત વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 26/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### એકને રંગેહાથ ઝડપી પાડી અન્ય તેના સાથીદારને વોન્ટેડ જાહેર કર્યો

# નેત્રંગ પોલીસે કેબલ ચોરીના ચોરને ચંદ્રવાણથી ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ



નેત્રંગ તાલુકાના ચંદ્રવાણ ગામે ખેડૂતના ખેતરમાંથી એલ્યુમિનિયમ કેબલની ચોરી કરી ગામના ચોરે તેના ઘરની આગળ અવાડામાં સંતાડી રાખેલો હોય આ બાતમીના આધારે નેત્રંગ પોલીસે કેબલ ચોરને રંગે હાથ ઝડપી પાડી તેના સાથીદારને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ કેબલ ચોરો ઉપર નેત્રંગ પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

એસ.વી.ચુડાસમા પીએસઆઈને ચંદ્રવાણ ગામે ચોરી થયેલ કેબલ થ્રીફીઝ જાડો વાયર ચંદ્રવાણ ગામનાં ઉત્તમ ચંપક વસાવાએ પોતાના રહેણાંક ઘરનાં આગળ આવેલ હવાડામાં સંતાડી રાખેલો છે આવી બાતમી મળતા પોલીસ ટીમ બાતમીવાળી જગ્યાએ જઈ સર્ચ કરતા બાતમી મુજબ ચોરી થયેલો કેબલ હવાડામાંથી મળી આવેલો હતો .ત્યાં હાજર ઉત્તમ ચંપક વસાવા ઉ.વ32 ભગત ફળીયુની પ્રાથમિક પૂછતાછ કરતા તેણે ગુનાની કબુલાત કરી ગામનાં પુનિયા લાલજી વસાવા સાથે એલ્યુમિનિયમ 10 M.M 3 કોર 120 મીટર 7 હજારના વાયરની ખેતરમાંથી કેબલ ચોરી કરેલ છે. પકડાયેલ આરોપીને ચોરીના ગુનામાં પકડી પાડ્યો હતો. જ્યારે પુનિયા લાલજી વસાવા રહે ચંદ્રવાણને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### આરોપી અમદાવાદની મધ્યસ્થ જેલમાં હતો

# અંકલેશ્વરના વેપારી સાથે છેતરપિંડી કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં હાર્ડવેર ના વેપારી સાથે 2.46 લાખ ઉપરાંત છેતરપિંડી કરનાર વડોદરા ના શખ્સ ને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે થી ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે ,

અંકલેશ્વર જીઆઈડીસીમાં વર્ધમાન સોસાયટીમાં રહેતા નિલેશ કુમાર વનરાજ શાહ હાર્ડવેર ના વ્યવસાય સાથે સંકળાયેલા છે .તેઓ ની પ્રતિન ચોકડી વિસ્તાર માં સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ ખાતે આવેલ શોપ ઉપર ગત સપ્ટેમ્બર 2021 ના વર્ષ માં વડોદરા ના કારેલીબાગ વિસ્તારમાં રહેતો બાલકૃષ્ણ ઠક્કર નામ નો શખ્સ આવી ને નિલેશ શાહ ને પોતે બિલ્ડીંગ મટીરીયલ ના હોલસેલ સપ્લાયર્સ નો ધંધો કરું છું ,કહી નિલેશ શાહ ને પણ પોતાની સાથે ધંધો કરશો તો ફાયદો થશે અને સમયસર પેમેન્ટ પણ ચૂકવી આપવાની અને જે સામાન મોકલવા દ્વારા પેમેન્ટ આપવાનું કહી નિલેશ શાહ ને વિશ્વાસ માં લઈ નિલેશ શાહ પાસે થી પીવીસી પાઈપ ફિટિંગ ને લગતા રૂપિયા 2 લાખ 46 હજાર ઉપરાંતનો ઓર્ડર આપી સામાન મંગાવી ને બાલકૃષ્ણ ઠક્કરે કુબેર એન્ટરપ્રાઈઝ ના ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક કારેલીબાગ વડોદરા શાખા નો ચેક આપતા આ ચેક નિલેશ શાહે બેન્ક માં નાખતા ચેક બાઉન્સ થયો હતો નિલેશ શાહે બાલકૃષ્ણ ના સરનામે તપાસ કરતા મકાન બંધ હતું જેથી મોબાઈલ ફોન પર સંપર્ક કરતા ફોન બંધ કરી દીધો હતો જેથી નિલેશ શાહે પોલીસ મથક માં ફરિયાદ હતી દરમ્યાન બી ડિવિઝન પોલીસે બાલકૃષ્ણનો અમદાવાદ મધ્યસ્થ જેલ થી ટ્રાન્સફર વોરન્ટથી કબ્જો મેળવ્યો છે.

**DATE: 28/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરમાં સ્પા એન્ડ સલૂનની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું



ભરૂચ: એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ નજીકથી સ્પા એન્ડ સલૂનની આડમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ કરી સંચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધમાં અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસમથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ વિસ્તારમાં આવેલા એક શોપિંગ સેન્ટરમાં પ્રોફેશનલ સ્પા એન્ડ સલૂનમાં કુટણખાનું ચાલતું હોવાની બાતમી ભરૂચ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ શાખાને મળતાં હેડ કોન્સ્ટેબલ અને બે મહિલા પોલીસકર્મી સાથે રેડ માટે તૈયાર કરાયા હતા. જ્યાં ડમી ગ્રાહકને રૂપિયા ૧ હજાર આપી મોકલવામાં આવ્યો હતો. આ બનાવમાં ભરૂચના પીરકાંઠી પોલીસ ચોકી સામે ડુંગાજી પાસે રહેતો સ્પા સંચાલક સંકેત સુરેશ મૈસુરિયા મળી આવ્યો હતો. જ્યારે રૂમમાંથી ડમી ગ્રાહક સાથે યુવતી પણ મળી આવતાં પોલીસે સ્પા એન્ડ સલૂનમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ કરી સ્પાના સંચાલકની અટકાયત કરી ૩ હજારનો મુદ્દામાલ કબજે કરી તેના વિરુદ્ધમાં અંકલેશ્વર શહેર બી-ડિવિઝન પોલીસમથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 28/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચ જિલ્લામાં પોલીસનું મેગા સર્ચ, 16 વાહનો ડીટેઇન

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં આવેલા વિવિધ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં કામ કરતા શ્રમિકોની સંખ્યા મોટા પ્રમાણમાં હોય ભરૂચ એસ.પી. ડો. લીના પાટીલ દ્વારા આપવામાં આવેલ સૂચના આધારે અંકલેશ્વર તથા દહેજ પોલીસ સ્ટેશન ખાતે રહેતા શ્રમિક વાળા વિસ્તારમાં વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. બંને પોલીસ સ્ટેશન વિસ્તારમાં શકમંદ ઈસમોને ચેક કરી તેઓના આધાર કાર્ડ ડેટા વેરીફાઈ તથા આઈ સી જી એસ પોર્ટલ માં પણ તેઓનો ડેટા ચેક કરવામાં આવ્યો હતો.

બહારના રાજ્યની શકમંદ વ્યક્તિ ના બી રોલ કરવામાં આવ્યા તેમજ આ કોમ્બિંગ ઓપરેશન દરમિયાન બંને પોલીસ સ્ટેશન વિસ્તારના 775 આધાર કાર્ડ વેરિફિકેશન, બી રોલ 191, આઈ સી જી એસ પોર્ટલ 235 તથા 16 વાહન ડિટેઈન કરવામાં આવ્યા હતા. ઓપરેશન માં 70 કરતાં વધારે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો જોડાયો હતો. પોલીસની કાર્યવાહીના પગલે ગુનેગારોમાં ફફડાટ ફેલાયો છે. સમયાંતરે પોલીસ દ્વારા ચેકિંગ કરાઈ રહયું છે.

# ભરૂચમાં 181એ યુવતીને બચાવી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં એક યુવતીએ 181 મહિલા હેલ્પલાઈન પર કોલ કરીને જણાવ્યું હતું કે, તેના ગામનો યુવક તેને ઘણા સમયથી હેરાન કરી રહયો છે. જેથી 181ની ટીમ યુવતી પાસે પહોંચી હતી. યુવતીએ ટીમના સભ્યોને કહયું હતું કે, તે ગામના કુવા પર પાણી ભરવા માટે ગઈ હતી ત્યારે યુવકે ત્યાં આવી મારો હાથ પકડી અસભ્ય વર્તન કર્યું હતું. યુવતીની હેરાનગતિ કરનારા યુવકને 181ની ટીમે બોલાવ્યો હતો.યુવકને કાયદાકીય માહિતી આપી અને સમજાવ્યો. ત્યારબાદ યુવકે માફી માંગી લીધી હતી.

**DATE: 29/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ભરૂચ LCBના PI સહિત 3 અધિકારી-કર્મચારી DGP ડિસ્ક એવોર્ડ

**પીઆઇ** ઉત્સવ બારોટને પાંચ કરોડની લૂંટનો ભેદ ઉકેલવા બદલ સન્માન

**પ્રદીપ** મોંઘેને સરભાણ રેપ વીથ મર્ડર અને સોહેલ રાજને ઠગાઇના ગુના ઉકેલવા બદલ એવોર્ડ



ભરૂચ: સમગ્ર ગુજરાત પોલીસમાં પ્રશંસનીય કામગીરી કરનાર ભરૂચ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર ઉત્સવ બારોટ, ક્રાઇમ બ્રાન્ચના હેડ રાઇટર પ્રદીપ મોંઘે અને સાઇબર ક્રાઇમના કોન્સ્ટેબલ સોહેલ રાજને રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં ડીજીપી ડિસ્ક એવોર્ડ આપવામાં આવ્યો છે.

પોલીસ અધિકારી અને કર્મચારીઓને રાજ્યના પોલીસ વડા તરફથી ખાસ પોલીસ ચંદ્રક ડીજીપી કમેન્ડેશન ડિસ્ક એનાયત કરવામાં આવે છે. સ્વચ્છ સર્વિસ રેકોર્ડ, સાહસ અને વીરતાનું વિશેષ કામ, નવતર અભિગમ જેવા વિવિધ પાસાઓને ધ્યાનમાં લઈને તેમને ચંદ્રક એનાયત કરવામાં આવે છે. રાજ્યની પોલીસની આ ઉત્તમ કામગીરીને બિરદાવવા તેમજ પોલીસનું મનોબળ વધારવા માટે રાજ્યના પોલીસ વડા તરફથી ડીજીપીસ કમેન્ડેશન ડિસ્ક ચંદ્રક આપવાની પહેલ શરૂ કરાઈ છે.

ભરૂચ LCBના પીઆઈ તરીકે ફરજ બજાવતા ઉત્સવ બારોટે મધ્ય ગુજરાતમાં 5 કરોડની ચોરીના ગુનાનો પર્દાફાશ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઉત્સવ બારોટે ન માત્ર આરોપીઓને ઝડપી પડ્યા પણ ચોરી થયેલા કરોડો રૂપિયાના 100 ટકા મુદ્દામાલની રિકવરી કરી હતી. ભરૂચ LCBના હેડ રાઈટર પ્રદીપ મોંઘેએ સરભાણના રેપ વિથ મર્ડર અને IIFL માં ધોળે દિવસે થયેલી લૂંટના પડકારજનક કેસમાં તપાસ દરમ્યાન પ્રશંસનીય કામગીરી બજાવી હતી. ભરૂચ સાયબર ક્રાઈમના કોન્સ્ટેબલ સોહેલ રાજે છેતરપિંડી થકી અનેક લોકોને ચૂનો ચોપડનાર ગેંગને ઝડપી પાડવામાં મહત્વનો રોલ અદા કર્યો હતો. ગેંગ એટીએમ કાર્ડ ક્લોનિંગ કરી ખુબ મોટી સંખ્યામાં લોકોને છેતરપિંડીનો શિકાર બનાવી ચુકી હતી.

**DATE: 29/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરથી દારૂનો જથ્થો લઇને જતો હતો

# અંદાડા નજીકથી બિયરના ટીન સાથે બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી ની ટીમ અંકલેશ્વર ના અંદાડા - કાંસીયા માર્ગ પર પેટ્રોલીંગમાં હતી.તે દરમિયાન છાપરા થી નવા કાંસીયા જવા માં માર્ગ પર કારમાં ઝગડીયાના ઉચેડીયાનો નવીન ઉર્ફે ડોન દારૂ લઈ પસાર થઈ રહ્યો છે. પોલીસે વોચ ગોઠવી તેની કાર રોકી હતી. તેમાંથી બિયરના 24 ટીન મળી આવ્યાં હતાં.પોલીસે 2,400 રૂપિયા નો બિયરનો જથ્થો જપ્ત કર્યો હતો. આ બિયરનો જથ્થો કાગડીવાડના સુજાત ખાન ઉર્ફે સજ્જુ પાસે થી લાવ્યો હોવાની કબુલાત કરતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી તેની ની ધરપકડ ના ચક્રોગતિમાન કર્યા હતા. ભરૂચ શહેર તથા જિલ્લામાં પોલીસ બુટલેગરો સામે તવાઈ બોલાવી રહી છે. એસપી ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ વિવિધ સ્થળોએ દરોડાઓ પાડી બુટલેગરોને ઝડપી પાડી તેમની સામે કાર્યવાહી કરી રહી છે. એલસીબી પીઆઈ ઉત્સવ તથા તેમની ટીમે અંકલેશ્વરના ફરાર થઈ ગયેલાં બુટલેગર સજ્જુને ઝડપી પાડવા માટે કવાયત શરૂ કરી દીધી છે. નવીન ઉર્ફે ડોનની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.